# વિદ્યાર્થિની પાસે બીભત્સ માંગણી કરી ભણવાનું બંધ કરાવી દેવાની રિક્ષાચાલકની ધમકી

**સિંગણપોર** પોલીસે કિશોરીની ફરિયાદના આધારે છેડતીનો ગુનો દાખલ કર્યો

સુરતઃ સિંગણપોર વિસ્તારમાં રહેતા સ્કૂલ ઓટો રિક્ષાચાલકે સ્કૂલે આવતી જતી 14 કિશોરી પર દાનત બગાડી હતી અને અવારનવાર પીછો કરી તેની પાસે બિભસ્ત માંગણી કરી છેડતી કરી હતી.

બનાવ અંગે કિશોરીએ સરથાણા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેડતીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. દરમિયાન પાંચ દિવસ પહેલા ફિનાઈલ પીને આ કિશોરીએ આત્મહત્યાનો પ્રયાસ કરતા આખો કિસ્સો બહાર આવ્યો હતો. કિશોરીએ આ માટે અભ્યાસમા તકલીફ પડતી હોવાનુ જણાવ્યુ હતુ. બાદમા ભાવનગર ખાતે રહેતી કાકીને રિકસાવાળા કાકા તે તેની સાથે બદનિયતથી શારિરીક છેડતી કરતો હોવાનુ જણાવતા આ મામલે આખરે છેડતીની પોલીસ ફરિયાદ દાખલ કરવામા આવી હતી. દરમિયાન આરોપી તે કિશોરીનો નિકટનો સબંધી હોવાનુ જાણવા મળ્યુ છે.

સિંગણપોર વિસ્તારમાં ગંગોત્રી નગર સામે આવેલી ગુરુકૃપા સોસાયટીમાં રહેતો ભાવેશ ગોપાલભાઈ સાથળિયા ઉ. વર્ષ 28 સ્કૂલ ઓટો રિક્ષા ચલાવે છે. છેલ્લા બે મહિનાથી ઓટો રિક્ષામાં સ્કૂલે આવતી જતી ૧૪ વર્ષની દીકરી પર ભાવેશે દાનત બગાડી હતી તેમજ આરોપી ભાવેશ સાથળિયા ૧૪ વર્ષની કિશોરીનો પીછો કરીને તેની છેડતી કરી શારીરિક અડપલા કરતો હતો, એટલું જ નહીં પરંતુ કિશોરી પાસે બિભસ્ત માંગણી કરી ઘરે વાત કરીશ તો ભણવાનું બંધ કરાવી દેવાની ધમકી આપી હતી. જેથી કિશોરીએ આ મામલે સિંગણપોર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ભાવેશ સાથળિયા સામે છેડતીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આંજણામાં પે એન્ડ યૂઝ ટોઈલેટમાં ગંદકી સાફ કરવાને બદલે સર્વિસ સ્ટેશનમાં પાણી વપરાય છે

**સમિતિની** મિટિંગમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની ગાડીઓ અનિયમિત હોવાની અને રખડતાં ઢોરની સમસ્યા બાબતે પણ વ્યાપક ફરિયાદ

સુરતઃ સુરત મહાનગરપાલિકાની મળેલી આરોગ્ય સમિતિની મિટિંગમાં ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની ગાડીઓ અનિયમિત આવતી હોવાની ફરિયાદો ઊઠી હતી. મનપા દ્વારા શહેરમાં કચરાના નિકાલ માટે ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની ગાડીઓ શરૂ કરવામાં આવી છે. પરંતુ ઘણા વિસ્તારોમાં આ ગાડીઓ નિયમિત આવતી નથી. જેથી લોકોના ઘરે કચરો પડી રહે છે. આ અંગે આરોગ્ય સમિતિની મિટિંગમાં ફરિયાદો થઈ હતી. ઉપરાંત આંજણા વિસ્તારમાં મનપાના ટોઈલેટ બ્લોકનું પાણી ગાડીનાં સર્વિસ સ્ટેશનોમાં વપરાતું હોવાની પણ ફરિયાદ થઈ હતી.

આરોગ્ય સમિતિની મિટિંગ બાબતે માહિતી આપતાં ચેરમેન નેન્સી શાહે જણાવ્યું હતું કે, સભ્યો દ્વારા એવી ફરિયાદ કરવામાં આવી છે કે, ઘણા વિસ્તારોમાં રખડતાં ઢોરની સમસ્યા હજી પણ યથાવત છે. માર્કેટ વિભાગ દ્વારા જે સમયે ગાડી લઈને નીકળતા હોય છે તે સમયે રખડતાં ઢોર દેખાતાં નથી. પરંતુ બપોરે 1:30થી 2:30 વાગ્યા સુધી બે પાળી વચ્ચેના બ્રેકમાં ઢોર રખડતાં હોવાની ફરિયાદ છે. જેથી ઢોર પકડવાની કાર્યવાહી પણ ટીમ બનાવીને સઘન કરવા આદેશ અપાયા હતા. મનપાના પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હોલમાં હાઉસ કીપિંગ કોન્ટ્રાક્ટ આપ્યો છે, પરંતુ સફાઈની કામગીરી ઘણી નબળી હોવાની ફરિયાદ છે. આથી આકસ્મિક ચેકિંગ કરી કામગીરી યોગ્ય ન કરતી એજન્સી સામે પગલાં ભરવા માટે પણ સૂચના આપવામાં આવી છે.

ઉપરાંત લિંબાયત ઝોનમાં આંજણા મીઠી વિસ્તારમાં પે એન્ડ યૂઝ ટોઈલેટ બનાવવામા આવ્યું છે, પરંતુ આ ટોઈલેટમાં કાયમી ગંદકી રહી છે તેવી ફરિયાદ હતી. આ તપાસ દરમિયાન ટોઈલેટના પાણીનો ઉપયોગ બાજુમાં ગાડી સર્વિસ સ્ટેશન છે તેમાં ગાડી વોશ કરવા માટે થતો હોવાનુ બહાર આવ્યું છે.

આ કિસ્સો બહાર આવતાં ઝોને ટોઈલેટ લોક કરી દીધું હતું. જો કે, ચેરમેને ટોઈલેટ લોકો માટે ખુલ્લું મૂકવા સાથે ઈજારદારને બ્લેક લિસ્ટ કરવા તથા દંડ કરવા માટેની સૂચના વિભાગને આપી છે.

### એક વર્ષમાં ફૂડના માત્ર 2327 સેમ્પલ લેવાયાંઃ દરેક ફૂડ ઇન્સ્પેક્ટર્સને રોજનાં 10 સેમ્પલ લેવા તાકીદ

આરોગ્ય સમિતિનાં ચેરમેન નેન્સી શાહે ફૂડ સેમ્પલ્સ લેવાની કામગીરી સઘન કરવા આદેશ આપ્યા હતા. સુરત શહેરમાં ખાણીપીણીની લારીઓ મોટાપાયે ધમધમે છે. રાંદેર અને અઠવા ઝોનમાં દરરોજ 8થી 10 નવા સ્પોટ પર લારીઓ શરૂ થઈ જતી હોય છે. ત્યારે એક વર્ષમાં માત્ર 2327 જેટલાં જ સેમ્પલ્સ લેવાયાં તે ઘણા ઓછા હોવાનું તેઓએ જણાવ્યું હતું અને વધુમાં વધુ સેમ્પલો લેવા માટે સૂચના આપી હતી. દરરોજના ઓછામાં ઓછા 10 સેમ્પલ્સ તો લેવામાં આવે જ તેવા આદેશ કરાયા હતા. ખાણીપીણીની લારીઓ ખાસ કરીને સાંજ પછી ચાલતી હોય છે. જેથી મનપામાં નવા ભરતી થતા ફૂડ ઈન્સ્પેક્ટર્સ તેમજ જૂના ફૂડ ઈન્સ્પેક્ટર્સમાંથી એક ટીમ બનાવી રાત્રિના સમયે પણ સેમ્પલ્સ લેવાની કામગીરી કરાવવામાં આવશે.

# સોનું-હીરા લઈ જતી બસને હાઇજેકનો પ્લાન બનાવનાર 6 આરોપીઓ રિમાન્ડ પર

**પોલીસે** 14 મુદ્દા પર 14 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી, 10 10 દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રખાયા

સુરત : ગત 14મીના રોજ વડોદરા ખાતે હીરા અને ગોલ્ડના પાર્સલો લઈને જતી શહેરની શ્રી રામ ટ્રાવેલ્સની બસ હાઈજેક કરવાના ઈરાદે સુરતમાં ઘાતક હથિયારો સાથે ફરતી ખૂંખાર લૂંટારૂ ટોળકીને ક્રાઈમ બ્રાન્ચે પકડાયા બાદ આજે તેને કોર્ટમાં રજૂ કરીને તેના 10 દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ક્રાઈમ બ્રાંચની ટીમના અધિકારીઓએ ગત 14મીના સ્પેશિયલ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશનમાં કડોદરા-સારોલી રોડ પર હ્યુન્ડાઈ વરના કાર રોકી તેમાં સવાર જેમ્સ અલમેડા, સલાઉદ્દીનને પકડી પાડ્યા હતા. જેઓ પાસેથી બે પિસ્ટલ, એક સ્પેર મેગ્ઝીન સહિતના હથિયારો કબ્જે લેવાયા હતા. બંનેની પૂછપરછ કરી તેઓના સાગરિતો અંગે માહિતી મેળવી કડોદરાના મહાદેવનગરમાં દરોડા પાડી જેલ સિપાહી રાજેશ પરમાર, રહીશ ખાન, ઉદયવીરસીંગ અને વિજયને પકડી પાડી તેઓ પાસેથી પણ પિસ્ટલ, કાર્ટીઝ, તમંચો સહિતના હથિયારો જપ્ત કર્યા હતા. તેઓ પાસેથી નક્શા સાથેની નોટબુક મળી હતી. જેમાં અલગ-અલગ જગ્યાએ રેકી કરેલી હોવાની નોંધ કરાઇ હતી. આ ખૂંખાર લૂંટારૂ ટોળકી શહેરમાં મોટી ધાડ પાડવાની તૈયારીમાં હતી. તેઓ સુરતની શ્રી રામ ટ્રાવેલ્સની બસ વડોદરા ખાતે હીરા અને સોનાના પાર્સલો લઈ નિયમિત જતી હોય આ બસને હાઇજેક કરવાનો બદઈરાદો ધરાવતા હતા. ક્રાઈમ બ્રાંચે આ ટોળકીને પકડી મોટી લૂંટ કહો કે ધાડ થતા બચાવી લીધી હતી. તમામ 6 આરોપીઓની ધરપકડ કરી તેમને આજરોજ કોર્ટમાં રજુ કર્યા હતા. સરકાર પક્ષે સરકારી વકીલ પવન શાહે દલીલો કરી હતી. આરોપીઓના દલીલ દરમિયાન 14 મુદ્દાઓ આધારે 14 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી.

### રિમાન્ડ માટેના મુખ્ય મુદ્દા

- આરોપીઓ કયા આંગડિયા પેઢીમાં કે વેપારીને ત્યાં કયા સમયે અને ક્યારે લૂંટ ધાડ કરવાના હતા
- એક આરોપી પાસેથી બે હથિયારો અને કાર્ટિજ મળી આવ્યા હતા જે હથિયારો તેણે યુપીના સંતોષ પાસેથી ખરીદ્યા હોવાની તપાસ કરવા
- આરોપીઓ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર તથા ઉત્તર પ્રદેશ રાજ્યના રહેવાસી હોય જેથી તેઓ અન્ય કોઈ સ્થાનિક ગેંગ અથવા આંતરરાષ્ટ્રીય ગેંગ સાથે સંકળાયેલા છે કે કેમ
- આરોપીઓ પાસેથી કબજે કરાયેલી ડાયરીમાં કોના હાથેથી લખાણ કર્યુ છે, અન્ય કોઈ વ્યક્તિએ લખાણ કર્યું હોઈ તો તેની તપાસ કરવા
- કબ્જે લીધેલી ડાયરીમાં વિવિધ રૂટનું લખાણ હતુ. જેથી તેઓએ કયા કયા રૂટ પર રેકી કરી છે અને તે ક્યારે કરી છે તે જાણવા
- આરોપીઓના મોબાઈલ નંબરો મેળવી કોલ ડીટેલ એનાલિસિસ કરી ક્રોસ ઇન્ટરોગેશન કરવા
- આરોપીઓએ તાતીથૈયાનાં મહાદેવ રેસીડેન્સીમાં મકાન ભાડે રાખ્યું હતું તે કોની પાસેથી ભાડે રાખ્યુ હતું અને તેના મકાન માલિક કોણ છે તે જાણવા બાબતે

### મકાઈપુલ પર ડમ્પરમાંથી માટી પડતાં એક તરફનો માર્ગ બંધ કરાયો



■ સ્વામિ વિવેકાનંદ બ્રિજ પર બપોરના ભર તડકામાં માટી ભરી પસાર થઈ રહેલા ડમ્પરમાંથી માટી બ્રિજ પર ઢોળાઈ હતી, જેના કારણે બ્રિજ પરથી પસાર થતાં વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. ત્યારે એક બાજુનો માર્ગ બંધ કરી આકરી ગરમીમાં માટી સાફ કરી રસ્તો ખુલ્લો કરાયો હતો. (તસવીરઃ સતીષ જાદવ)

# શિક્ષણ સમિતિની સ્કૂલમાં 6થી 8ના વિદ્યાર્થીઓની ઉત્તરવહી-હોલ ટિકિટમાં બારકોડ લગાવાયાં

**બોર્ડની** પરીક્ષાનો ડર કાઢવા સુરત શિક્ષણ સમિતિની સ્કૂલ દ્વારા નવતર પ્રયોગ કરાયો

સુરતઃ સુરત પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ધો.6થી 8ના વિદ્યાર્થીઓમાં અત્યારથી જ બોર્ડની પરીક્ષાનો ડર દૂર કરવા માટે વરાછાની એક શાળા દ્વારા નવતર પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે. આ વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાની પેટર્ન અત્યારથી જ ખબર પડે એ માટે આવતીકાલથી શરૂ થનારી પરીક્ષામાં ઉત્તરવહી અને હોલ ટિકિટમાં બારકોડનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કેટલીક શાળાના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને ફાયદો થાય તેવી પ્રવૃત્તિ કરવામાં આવે છે. આવતીકાલથી ધો.6થી 8ની વાર્ષિક પરીક્ષા શરૂ થઈ રહી છે. આ પરીક્ષામાં વરાછાની શાળા ક્રમાંક-132માં આ વિદ્યાર્થીઓ માટે બોર્ડની પરીક્ષાની જેમ પરીક્ષા લેવાનો નિર્ણય કરાયો છે. આ પ્રકારના પ્રયોગ અંગે આચાર્ય હિતેશ મુંજાણી કહે છે, શાળામાં ઉત્તરવહીમાં બારકોડનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બોર્ડની પરીક્ષામાં જે રીતે હોલ ટિકિટ આપવામાં આવે છે તે પ્રકારની હોલ ટિકિટ આપવામાં આવી છે. આ હોલ ટિકિટ પ્રમાણે જ તેઓને પરીક્ષાની બેઠક વ્યવસ્થા તથા અન્ય માહિતી મળી રહે છે. આ પ્રકારની પરીક્ષાના કારણે આ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપે એ પદ્ધતિથી વાકેફ થાય અને બોર્ડની પરીક્ષાનો ડર પણ નીકળી શકે છે.

### આજે શિક્ષણ સમિતિમાં બદલી કેમ્પ

# મુખ્ય શિક્ષકોને માધ્યમ ધ્યાને લીધા વગર બદલી ન કરવા સંઘની ચીમકી

**જિલ્લા** ફેરમાં આવનારા મુખ્ય શિક્ષકોને જે-તે માધ્યમને ધ્યાને લીધા વિના બદલી કરાશે તો પ્રાથમિક શિક્ષણ સંઘ આંદોલન કરશે

સુરતઃ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં આવતીકાલ 16 એપ્રિલના રોજ એચટાટ મુખ્ય શિક્ષકો માટે જિલ્લા ફેર બદલી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જો કે, આ દરમિયાન ગુજરાતી માધ્યમમાં નિમણૂક પામ્યા હતા તેમણે અન્ય માધ્યમમાં આવવા માટે રજૂઆત કરી હતી. જેને ગ્રાહ્ય રખાય એ પરિપત્ર સામે પ્રાથમિક શિક્ષક સંઘ મંડળ દ્વારા વિરોધ કરાયો છે.

જો આ પરિપત્રનો અમલ કરી બદલી થશે તો કોર્ટ સુધી જવાની તેમજ કેમ્પના દિવસે અન્ય માધ્યમનાં બાળકો, સિનિયર શિક્ષકો અને સમિતિના સુરતમાં કાર્યરત એચ ટાટના શિક્ષકના હિત માટે 16 એપ્રિલના રોજ કચેરી ખાતે વિરોધ કરવાની ચીમકી આપવામાં આવી છે.

પ્રાથમિક શાળાના આચાર્યની બદલી કેમ્પનું આયોજન કરાયું છે, જેમાં HTAT જિલ્લા ફેર બદલી કેમ્પની માધ્યમ વગરની સિનિયોરિટી લિસ્ટ રદ કરી માધ્યમ મુજબ યાદી જાહેર કરવા માટેની માંગણી યુનિયન દ્વારા કરવામાં આવી છે.

આ પહેલા યુનિયન દ્વારા શિક્ષણ સમિતિ અધ્યક્ષ, શાસનાધિકારીથી માંડી શિક્ષણ નિયામક સુધી ફરિયાદ કરવામાં આવી છે.

આ પત્રમાં જણાવ્યું છે કે, હાલમાં શિક્ષકોમાં ચર્ચા છે કે સિનિયોરિટી યાદી મુજબ જ ભરતી કરવાનું આયોજન છે. હાલની ચર્ચા મુજબ નિયામક કચેરી દ્વારા એક પત્ર થયો છે, જેમાં કોઈ એક HTAT શિક્ષક ગુજરાતી માધ્યમમાં સીધી ભરતીથી ગુજરાતી માધ્યમમાં નિમણૂક પામેલા હતા.

જેમણે અન્ય માધ્યમમાં આવવા માટે રજૂઆત કરી હતી. જેને ગ્રાહ્ય રાખી છે. તેમની નિમણૂક અન્ય માધ્યમોમાં કરવાનો આદેશ કરાયો છે. જો આ પ્રકારે બદલી કરવાની હોય તો સંઘનો વાંધો હોવાનું જણાવાયું છે.

# SDCA ચૂંટણીમાં મતગણતરી મુક્ત નથી થઈ ફેર મતગણનાની હારેલા 4 ઉમેદવાર દ્વારા માંગ

**ચારેય** ઉમેદવારોની ફેર મતગણતરી કરવા માટેની લેખિત અરજી પર આજે ચૂંટણી અધિકારી નિર્ણય આપશે

સુરતઃ SDCAની તાજેતરમાં થયેલી ચૂંટણીમાં કેટલાક હારી ગયેલા ઉમેદવારો દ્વારા આ ચૂંટણીમાં મતગણતરી મુક્ત અને ન્યાયી રીતે નથી થઈ તેવો આક્ષેપ કરીને મુખ્ય ચૂંટણી અધિકારી એડવોકેટ આર.જી. શાહને લેખિત અરજી આપીને ફેરમતગણતરી કરવાની માંગણી કરી છે.

જે ચાર ઉમેદવારો દ્વારા આ માંગણી કરવામાં આવી છે તેમાં જીગ્નેશ કોન્ટ્રાકટર, મયુર ગોળવાલા, ઋષિત મહેતા, અને યશેષ સ્વામીનો સમાવેશ થાય છે. તેમના દ્વારા અરજીમાં એવું જણાવાયું છે કે, મતગણતરીમાં પેનલના 21 ઉમેદવારોને ચૂંટણી અધિકારીએ હાજર રહેવા મંજૂરી આપી ન હતી. માટે 5 ઉમેદવારોને જ 21 ઉમેદવારો વતી મત ગણતરીની છૂટ આપવામાં આવી હતી.

3608 મતમાંથી 108 મત રદ થયા અને 3500 મત માન્ય રહ્યા એમાં 1935 મતદારોએ ક્રોસ વોટિંગ કર્યું હતું. એ રીતે મોટી સંખ્યામાં ક્રોસ વોટિંગ થયું છે. એ જોતાં મતગણતરીમાં ભૂલ થવી શક્ય છે. ઉમેદવાર પારસ શાહ તો માત્ર 30 જ મતથી હારી ગયા છે. જ્યારે પરેશ જરીવાલા 73 મતના પાતળા માર્જિનથી હારી ગયા હતા. આ માંગમાં આવતીકાલે વધુ 3 ઉમેદવાર યેશા શાહ કોન્ટ્રાકટર, પારસ શાહ અને વિનય અગ્રવાલ પણ ફેર મતગણતરી માટે અરજી કરવા જશે એમ મયુર ગોળવાલાએ જણાવ્યું હતું.

# વાલક પાટિયા તાપી બ્રિજ પર અકસ્માત સર્જનાર કિર્તન ડાખરાના માસાની ધરપકડ

**અકસ્માત** બાદ કિર્તનને બચાવવા તેના પિતા સાથે મળી મદદ કરી હતી

સુરતઃ ગત 7ફેબ્રુઆરની રાત્રે કાપોદ્રામાં હીરાના પેકેટ બનાવવાનું કારખાનું સાથે સંકળાયેલા ૨૩ વર્ષીય કીર્તન મનોજ ડાખરાએ દારુનાં નશામાં ગોઝારો અકસ્માત સર્જ્યો હતો. કીર્તન તેના મિત્ર પ્રિન્સ સાથે કામરેજના યુનિવર્સલ વિકેન્ડ હોમ્સ એન્ડ વિલામાં કોલેજિયન્સના ગ્રૂપે રાખેલી પાર્ટીમાં ગયો હતો. પાર્ટીમાંથી વહેલા નીકળેલી નેન્સી અને જૈમીશના બાઇક બગડતાં તે તેમને ઘરે મૂકવાના ઇરાદે જે કારમાં આવ્યો હતો તે હેક્સા કારમાં બેસાડી પોતાની સાથે ધ્રુવ નામના યુવકને લઈને નીકળ્યો હતો. આ દરમિયાન કાર પરથી કાબૂ ગુમાવતા વાલક પાટિયા પાસે તાપી બ્રીજ પર કાર ઊથલી જઈ ડિવાઇડર કૂદાવી સામેથી આવતી પાંચ બાઇકને અડફેટે લીધી હતી. બે નિર્દોષ ભાઈઓ કાળનો કોળિયો બની ગયા હતા. બીજા પાંચ વ્યક્તિઓને પણ ગંભીર ઈજા પહોંચી હતી. જે બાદ પોલીસે હિટ એન્ડ રનનો ગુનો નોંધ્યો હતો. પોલીસે આ ગુનામાં અત્યાર સુધી કીર્તન અને તેના પિતાની ધરપકડ કરી છે. જ્યારે ગત રોજ આ ગુનામાં કીતર્નના માસા મિતેશભાઈ દેવરાજભાઈ ભરોડિયા (ઉં.વ.48 રહે.,આદર્શ સોસાયટી-2 કતારગામ)ની ધરપકડ કરી છે. અકસ્માત બાદ કીર્તનના પિતા સાથે તેમણે પણ આરોપીની મદદ કરી હતી.

# મજૂરીમાં વધારો નહીં થાય તો સુરત APMCના હમાલ શ્રમિકો હડતાળ પાડશે

**ઇન્ટુક** દ્વારા સુરત એપીએમસીમાં કાંદા-બટાકાના ગાળામાં હમાલી કામ કરતા શ્રમિકોની મજૂરી દરમાં વધારો કરવાની માંગણી કરાઈ

સુરત : મંગળવારે સુરત ઈન્ટુક દ્વારા સુરતના ખેતીવાડી ઉત્પન્ન બજાર (સરદાર માર્કેટ) ના મેનેજમેન્ટને એક આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. આવેદનપત્ર જણાવવામાં આવ્યું હતું કે કાંદા-બટાકાના ગાળામાં હમાલી કામમાં મોટી સંખ્યામાં શ્રમિકો કાર્યરત છે. આ શ્રમિકોની મજૂરી દરમાં છેલ્લા ૧૦ વર્ષથી કોઈપણ પ્રકારનો ભાવ વધારો કરવામાં આવ્યો નથી. દિવસે ને દિવસે વધતી મોંઘવારીને જોતા મજૂરી દરમાં વધારો કરવાની અત્યંત જરૂરિયાત છે. તાજેતરમાં જ માર્કેટમાં વજન કાંટા વાળાના દરોમાં વધારો કરવામાં આવ્યો છે, વજન કાંટાના દરમાં ગૂણ દીઠ ૪ રૂપિયાનો વધારો કરી ગૂણ દીઠ ૧ રૂપિયાથી ૫ રૂપિયા કરી દેવામાં આવી છે. પરંતુ હમાલ શ્રમિકોની મજૂરી દરમાં કોઈપણ જાતનો વધારો કરવામાં આવ્યો નથી, જે ખુબ જ અન્યાયપૂર્ણ બાબત છે.

એપીએમસી મેનેજમેન્ટ સમક્ષ માંગણી કરાઈ છે કે હમાલી કામ કરતા શ્રમિકોની મજૂરી દરમાં પણ તાત્કાલિક ધોરણે ગૂણ દીઠ ૪ રૂપિયાનો વધારો કરી ગૂણ દીઠ મજૂરી ૩ રૂપિયાથી વધારી ૭ રૂપિયા કરવામાં આવે. ઈન્ટુકના પ્રમુખ ઉમાશંકર મિશ્રા અને પ્રવક્તા શાન ખાને જણાવ્યું હતું કે આવનારા ૧૫ દિવસમાં શ્રમિકોની મજૂરી દરમાં વધારો નહીં કરવામાં આવશે તો નાછૂટકે તમામ શ્રમિકોને હડતાળ પાડી ગાંધી ચિંધ્યા માર્ગે સત્યાગ્રહ ધારણા પ્રદર્શન આંદોલન શરૂ કરવાની ફરજ પડશે.

## સંક્ષિપ્ત સમાચાર

### સાર્વજનિક યુનિ.એ 'SGCCI સ્માર્ટ એજ્યુકેશન એક્સ્પો' અને 'સુરત સ્ટાર્ટઅપ સમિટ ૨૦૨૫'માં ભાગ લીધો




સુરતઃ સાર્વજનિક યુનિવર્સિટીએ સુરત ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 11થી 13 એપ્રિલ ૨૦૨૫ દરમિયાન યોજાયેલા 'SGCCI સ્માર્ટ એજ્યુકેશન એક્સ્પો' અને 'સુરત સ્ટાર્ટઅપ સમિટ ૨૦૨૫'માં વિઝિટર્સ-વિદ્યાર્થીઓને કેરિયર માટે ઉપયોગી માહિતી આપી ઉલ્લેખનીય છાપ છોડી છે. અહીં યુનિવર્સિટીએ સ્ટોલ નંબર 113 ખાતે તેની વાઈબ્રન્ટ એકેડમિક (શૈક્ષણિક) ઇકો સિસ્ટમ અને ઉદ્યોગ સાહસિક ભાવનાનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આ કાર્યક્રમનું ઉદઘાટનશિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરિયા અને અતિથિઓ આઈપીએસ પી. સ્વરૂપ અને સાર્વજનિક યુનિવર્સિટીના પ્રમુખ અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી (SES)ના અધ્યક્ષ ભરત શાહની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ડો. કિરણ પંડ્યા, પ્રોવોસ્ટ, એસયુ દ્વારા પણ મુલાકાત લેવાઈ હતી.

### પંચમ્ ગ્રુપનો કલ્યાણજી-આણંદજીના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો




સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ દ્વારા ૧૩મી એપ્રિલના સ્વરાન્ગન સ્ટુડિયોમાં ૩૧૪મો સંગીતકાર કલ્યાણજી આણંદજીના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો જાહેર કાર્યક્મ યોજાયો હતો. જેમાં શ્રેષ્ઠ ગાયકોમાં એડવોકેટ વસંત રાઠોડ, સરોજ રાઠોડ, બાલકૃષ્ણ કર્ણિક, શ્રીરામ કર્ણિક, તપન કર્ણિક, અમીષ માણેક, મીનળ માણેક, જયસુખ શુકલ, કલ્પના શુકલ, સ્મિતા મેહતા, જ્યોતિ મરચંટ, સાધના પંડ્યા, તિતિક્ષા આગલે, અરવિંદ શીરસાઠ અને અન્ય ગાયકો મળી કુલ્લે 32 વિજેતાઓને પારિતોષિક આપવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે ફિરોઝ કાપડીયા અને દિના કાસદે સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન જય વ્યાસે કર્યું હતું તેમ ગ્રુપના સેક્રેટરી રિધ્ધિશ કુમારે જણાવ્યું હતું.

### ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ દ્વારા મફત આંખના રોગોનો કેમ્પ કરાયો



સુરતઃ બડેખાં ચકલા ખાતેના ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ તરફથી સુફી સંત હઝરત ખ્વાજા ઉસ્માને હારૂનીની યાદમાં તા. ૧૩/૦૪/૨૦૨૫ રવિવાર રોજ સવારે ૯:૦૦ થી ૧:૦૦ વાગ્યા સુધી મફત આંખના રોગોનું કેમ્પ OPD સેન્ટરમાં રાખવામાં આવ્યું હતું. જેમાં ૨૧૨ દર્દીઓએ ભાગ લીધો હતો. જેમાં ૭૦ જેટલા મોતિયાબિંદુના ઓપરેશન સ્વામી વિવેકાનંદ નેત્રમંદિર હોસ્પિટલમાં કરવામાં આવશે. આ કેમ્પમાં રોનક ભટટ, ટીના રાણા, અને સ્વામી વિવેકાનંદ નેત્રમંદિર હોસ્પિટલના ડોકટરોએ સેવા આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટના પ્રમુખ આસીફભાઈ ચીડીમાર, ઉપપ્રમુખ સબ્બીરભાઈ દડા, સેક્રેટરી ફૈયાઝભાઈ ચીડીમાર, યતીશભાઈ કન્સારીવાલા (DMLT), હસ્સાન ચીડીમાર, શબ્બીર માસ્તર, મુસ્તાકભાઈ, કાદરભાઈ, બકુલ પટેલ, અબ્દુલ વહાબ, અલીશા, તરજુમા, સેહજાદી, મુસ્કાન અને બધા જ કાયેકરોએ ભારે મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવ્યું હતું.

### વસ્તુ વેચ્યા પછી એ ગ્રાહક નહીં માલિક બની જતો હોય છેઃ પંન્યાસ પદ્મદર્શનવિજયજી



વડોદરાઃ માંજલપુરના શ્રી લાલબાગ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ ખાતે પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે 'વિચાર સંગોષ્ઠિ' દરમ્યાન કહ્યું હતું કે, અત્યારે બહુ લાંબા-પહોળા થવાનો સમય નથી. સેજ પ્રમાણે સોડ તાણશો તો દુઃખના દિવસો પણ ચપટીમાં પતી જશે. તમારી પાસે શું છે અને કેટલું છે ? એ હિસાબે જીવનચર્યા નક્કી કરો. કપરા કાળમાં સારી રીતે જીવવું હોય તો ઊછીના પૈસા લેવાના બંધ કરો અને ઉછીના પૈસા આપવાનું બંધ કરો. રાતના ઉજાગરા ન કરવા હોય, ટેન્શન કે ડીપ્રેશનમાં ન આવવું હોય તો તમારી દુકાને એક પાટીયું લગાવી દો. 'આજે રોકડા, કાલે ઉધાર.' ભલે બે પૈસા ઓછા મળશે તો ચાલશે પણ ઉધાર માલ આપીને પગનાં ચપલ અને તળીયાં ઘસી નાંખવા પડે એવો ધંધો કરતા નહીં. વસ્તુ વેચ્યા પછી એ ગ્રાહક નહીં માલિક બની જતો હોય છે. ક્યારેક તે બેશરમ અને નફફટ બનીને કહી દેતો હોય છે. 'વારંવાર શું ફોન કર્યા કરો છો ? હમણાં નથી. પૈસા આવશે ત્યારે આપીશું. ખાલી ઉઘરાણી માટે આવશો નહીં. અમે ખાનદાન છીએ. તમારા પૈસા ખાઈ નહીં જઈએ.

### એસપીબી ઇંગ્લિશ મીડિયમ કોલેજનું ગૌરવ




સુરતઃ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત એસપીબી ઈંગ્લિશ મીડિયમ કોલેજ ઓફ કોમર્સની પ્રતિભાશાળી વિદ્યાર્થિની મુસ્કાન એસ. ગુપ્તા, જે હાલમાં એમ.કોમ.(સેમ- 2) માં અભ્યાસ કરી રહી છે, જેણે મહારાજા ગંગા સિંહ યુનિવર્સિટી, બિકાનેર ખાતે 10 થી 13 એપ્રિલ 2025 દરમિયાન આયોજિત ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી રોડ સાયકલિંગ ચેમ્પિયનશિપ 2025માં ગોલ્ડ મેડલ તેમજ ઓલ ઈન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી નેશનલ રોડ સાઈકલિંગ ચેમ્પિયનશિપ 2025માં બ્રોન્ઝ મેડલ જીતીને કોલેજનું નામ રોશન કર્યું છે. કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડો. આશિષ પંડ્યા તેમજ સ્પોર્ટ્સ અધ્યાપક ડો. ધનંજય યાદવ અને સ્ટાફે મુસ્કાનને પાઠવ્યા હતા.